**હૈયા વરાળ : "અમે 24 કલાક પ્રજા માટે દોડીએ છીએ, પણ અમારા સંતાનોની ફી ભરવાના પણ ઠેકાણા નથી"**

# 'ફાયર' ફાઈટરો 'ફાયર' : પગાર મુદ્દે ઝૂકીશુ નહીં

**કોર્ટના ચુકાદા** છતાં તંત્ર ઉપલી અદાલતમાં જવાની તૈયારીમાં, કર્મચારીઓમાં ભારે રોષ



**બાળકોની ફી બાકીને લાઈટના કનેક્શન કપાયા**

તંત્રની ઉદાસીનતા સામે હવે આ **'અગ્નિવીરો'**એ આરપારની લડાઈના મંડાણ કર્યા

શહેરમાં ગમે ત્યાં આગ લાગે ત્યારે સાયરન વગાડતી ગાડીઓ લઈને સૌથી પહેલા પહોંચતા આ જવાનોના પોતાના જીવનમાં આજે અંધકાર છવાયો છે. હડતાલ પર ઉતરેલા જવાનોએ ભીની આંખે જણાવ્યું કે, "અમે આગ સામે લડી શકીએ છીએ, પણ ભૂખ સામે લડવું અઘરું છે." 19-19 દિવસ સુધી પગાર ન મળતા અનેક કર્મચારીઓના ઘરે વીજળી ગુલ થઈ ગઈ છે તો અનેક જવાનોના બાળકોને ફી ન ભરાતા સ્કૂલેથી નોટિસ મળી છે. તંત્રની ઉદાસીનતા સામે હવે આ 'અગ્નિવીરો'એ આરપારની લડાઈના મંડાણ કર્યા છે.

(પ્રતિનિધિ), વડોદરા. તા.19
વડોદરા શહેરના લાખો નાગરિકોની સુરક્ષા માટે જીવના જોખમે ફરજ બજાવતા વડોદરા મહાનગરપાલિકા સંચાલિત ફાયર બ્રિગેડના જવાનો આજે પોતાની સુરક્ષા અને હક્ક માટે રસ્તા પર ઉતર્યા છે. લાંબા સમયથી પગાર વધારો અને પડતર પ્રશ્નોનું નિરાકરણ ન આવતા આજે 100થી વધુ હંગામી કર્મચારીઓ અને ડ્રાઈવરોએ એકાએક 'વીજળીક હડતાલ'નું શસ્ત્ર ઉગામ્યું હતું. આ અચાનક ઉઠેલા વિરોધ વંટોળને કારણે પાલિકાના ઉચ્ચ અધિકારીઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી અને ફાયર સર્વિસ જેવી કટોકટીની સેવા ખોરવાય તેવી સ્થિતિ સર્જાઈ હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, વડોદરા ફાયર બ્રિગેડમાં છેલ્લા 15 વર્ષથી પણ વધુ સમયથી અનેક કર્મચારીઓ હંગામી ધોરણે ફરજ બજાવી રહ્યા છે. આ કર્મચારીઓનો આક્ષેપ છે કે તેઓ સતત ફરજ બજાવતા હોવા છતાં તેમનો પગાર ક્યારેય સમયસર થતો નથી. આ મામલે નામદાર કોર્ટે પણ કર્મચારીઓની તરફેણમાં હુકમ કરીને તેમને ન્યાય આપવા જણાવ્યું હતું, પરંતુ કોર્પોરેશન વહીવટી તંત્ર દ્વારા આ હુકમનો અમલ કરવાને બદલે ઉપરની અદાલતમાં પડકારવાની તજવીજ હાથ ધરતા કર્મચારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આજે 19 તારીખ થઈ હોવા છતાં ગત માસનો પગાર ન થતા ડ્રાઈવરો નવલખી કમ્પાઉન્ડ ખાતે એકત્ર થયા હતા. કર્મચારીઓએ હૈયા વરાળ ઠાલવતા જણાવ્યું હતું કે, "અમે 24 કલાક પ્રજાની સેવામાં હાજર રહીએ છીએ, પણ તંત્રને અમારા પરિવારની કોઈ ચિંતા નથી. પગાર ન થવાને કારણે બાળકોની સ્કૂલ ફી, ટ્યુશન ફી અને ઘરના ગેસ-લાઈટ બિલ ભરવા મુશ્કેલ બન્યા છે. કેટલાક સાથીદારોના ઘરે તો લાઈટ બિલ ન ભરાતા જોડાણ પણ કાપી નાખવામાં આવ્યા છે."

**મૃતક ભાગીદારના નામે પાવર ઓફ એટર્ની, નકલી આધારકાર્ડ અને ખોટી સહીથી બારોબાર જમીન વેચી નાખી**

# વડસરની જમીનના ખોટા દસ્તાવેજોના આધારે રૂ.1.22 કરોડમાં સોદો કર્યો

જમીન કૌભાંડનો પર્દાફાશ : બે શખ્સો સામે ગુનો નોંધાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.19
વડોદરા શહેરના વડસર ગામમાં આવેલી કરોડોની જમીન સાથે સંકળાયેલું કૌભાંડ બહાર આવતા ચોંકાવનારો ખુલાસો થયો છે. બે ઠગોએ ખોટા દસ્તાવેજો તૈયાર કરી,ભાગીદારોની બોગસ સહી કરીને તેમજ મૂળ માલિકોની જગ્યાએ અન્ય વ્યક્તિઓના ફોટા ચોંટાડીને આ જમીન રૂ. 1.22 કરોડમાં ગેરકાયદેસર રીતે વેચી નાખી હતી. કારેલીબાગ વિસ્તારમાં રહેતા વૃદ્ધ ભાગીદારે આ મામલે બે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. કારેલીબાગમાં રહેતા રમેશભાઈ મણિલાલ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમણે તેમના ભાગીદારો હર્ષદભાઈ બાબુભાઈ ગોરડીયા અને પ્રમોદભાઈ બાબુભાઈ ગોરડીયા સાથે મળીને વર્ષ 1992માં વડસર ગામની સીમમાં આવેલી ખેતીની જમીન કાયદેસર રીતે ખરીદી હતી. આ જમીન રેવન્યુ રેકોર્ડમાં તમામ ભાગીદારોના નામે નોંધાવવામાં આવી હતી. વર્ષ 2024માં હર્ષદભાઈના અવસાન બાદ વારસાઈ નોંધની પ્રક્રિયા દરમિયાન આ કૌભાંડ બહાર આવ્યું હતું. તપાસમાં સામે આવ્યું કે ભાગીદાર ન હોવા છતાં અમદાવાદના હસમુખ શંકર પટેલ અને ભરૂચના નરેન્દ્ર ઈશ્વર પરમારે ભેગા મળી જમીનના ખોટા દસ્તાવેજો તૈયાર કર્યા હતા. આરોપીઓએ માત્ર ખોટા દસ્તાવેજો જ બનાવ્યા નહોતા, પરંતુ નકલી આધારકાર્ડ સહિતના દસ્તાવેજો બનાવી મૂળ માલિકોના નામે જમીનનું વેચાણ રજીસ્ટર પણ કરાવી દીધું હતું. સબ-રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણી દરમિયાન મૂળ માલિકોની જગ્યાએ અન્ય લોકોના ફોટા ચોંટાડવામાં આવ્યા હોવાની વિગતો પણ સામે આવી છે. તપાસમાં વધુમાં જાણવા મળ્યું કે આરોપીઓએ અવસાન પામેલા ભાગીદાર હર્ષદભાઈના નામે ખોટું પાવર ઓફ એટર્ની પણ તૈયાર કર્યું હતું.

ઉપરાંત અન્ય જીવિત ભાગીદારોની નકલી સહી કરીને જમીન બારોબાર વેચી નાખીને ગુનાને અંજામ આપવામાં આવ્યો હતો. જ્યારે ચુકવણી ચેક મારફતે થઈ હોવાનું પણ ખોટું દર્શાવવામાં આવ્યું છે.

**તુલસીવાડીમાં લોહિયાળ ખેલ**

# યુવક પર તલવાર અને ગુપ્તીથી જીવલેણ હુમલો

(પ્રતિનિધિ), વડોદરા. તા.19
વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં આવેલી તુલસીવાડીમાં ગત રાત્રે ભયનો માહોલ સર્જાયો હતો. જૂની અંગત અદાવતને રાખીને કેટલાક અસામાજિક તત્વોએ એક યુવક પર તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. મળતી માહિતી મુજબ, કારેલીબાગના તુલસીવાડી વિસ્તારમાં ગત રાત્રે હુમલાખોરોએ એક યુવકને નિશાન બનાવ્યો હતો. હુમલાખોરો તલવાર અને ગુપ્તી જેવા જીવલેણ હથિયારો સાથે તૂટી પડ્યા હતા. હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ ઘટના માત્ર હુમલા પૂરતી સીમિત રહી નથી. ઈજાગ્રસ્ત યુવક દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે હુમલાખોરોએ માર મારવાની સાથે



તેની પાસેથી રોકડ રકમ અને સોનાની ચેનની પણ લૂંટ ચલાવી છે. સોનાની ચેઈન નો અડધો ટુકટો મળ્યો છે. બનાવની જાણ થતા જ કારેલીબાગ પોલીસનો કાફલો ઘટના સ્થળે અને હોસ્પિટલ દોડી આવ્યો હતો. પોલીસે ભોગ બનનારના નિવેદનના આધારે હુમલાખોરો વિરુદ્ધ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. ઈજાગ્રસ્ત યુવકના જણાવ્યા મુજબ હુમલાખોરને અંબે માતાના મંદિર પાસે પેશાબ ન કરવાનું કહેતા તેણે હુમલો કર્યો હોવાનું જણાવ્યું હતું.

**વડોદરાના ગોત્રી વિસ્તારમાં ભર ઉનાળે ચોમાસા જેવો માહોલ**

# પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લીટર શુદ્ધ પાણીનો વેડફાટ થયો

એક તરફ પાણીની તંગી અને બીજી તરફ વેડફાટથી સ્થાનિકોમાં રોષ

(પ્રતિનિધિ), વડોદરા. તા.19
શહેરમાં ઉનાળાની શરૂઆત થતાં જ અનેક વિસ્તારોમાં પાણીની બૂમરાણ મચી છે, ત્યારે બીજી તરફ પાલિકા તંત્રની ઘોર બેદરકારીના દ્રશ્યો સામે આવ્યા છે. વડોદરાના ગોત્રી વિસ્તારમાં આવેલ ગોત્રી તળાવની બિલકુલ સામે પાણીની મુખ્ય લાઈનમાં મોટું ભંગાણ સર્જાતા રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા. ભર ઉનાળે માર્ગો પર નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાતા સ્થાનિકોને કમોસમી વરસાદ કે ચોમાસા જેવો અનુભવ થયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, ગોત્રી તળાવ પાસે પાણીની પાઈપલાઈનમાં અચાનક ભંગાણ પડ્યું હતું. પાઈપલાઈન તૂટવાને કારણે ખૂબ જ પ્રેશર સાથે પાણી બહાર નીકળવા લાગ્યું હતું. પીવાનું લાખો લિટર ચોખ્ખું પાણી રસ્તા પર વહીને છેવટે ગટરમાં ભેગું થઈ રહ્યું હતું. આસપાસના વિસ્તારોમાં



પાણી ભરાઈ જવાને કારણે વાહનચાલકોને પણ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. હાલમાં એક બાજુ હવામાન વિભાગ દ્વારા કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી છે, જેના કારણે લોકો બેવડી ઋતુનો અનુભવ કરી રહ્યા છે. બીજી તરફ, પાલિકાના "તંત્રના પાપે" આ ભંગાણ સર્જાતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઉનાળામાં જ્યારે શહેરના અનેક વિસ્તારો પાણીના ટીપા માટે તરસી રહ્યા છે અને પાણીનો કકળાટ છે, ત્યારે આ પ્રકારે હજારો ગેલન પાણીનો વેડફાટ તંત્રની નિષ્ફળતા છતી કરે છે. સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, વારંવાર રજૂઆતો કરવા છતાં લાઈનોના મેન્ટેનન્સમાં ઉદાસીનતા રાખવામાં આવે છે. પાણીની લાઈનમાં થયેલા આ ભંગાણને કારણે આગામી સમયમાં આ વિસ્તારમાં પાણીના કાપ અથવા ઓછા પ્રેશરની સમસ્યા સર્જાઈ શકે છે. લોકોની માંગ છે કે તંત્ર સત્વરે આ ભંગાણનું સમારકામ કરે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે કડક પગલાં ભરે.

**મહિલાની પોલીસ સાથે ઝપાઝપી**

# SSG હોસ્પિટલ પાસે મોડીરાત્રે મહિલાનો હાઈવોલ્ટેજ ડ્રામા

(પ્રતિનિધિ), વડોદરા. તા.19
વડોદરાના સયાજી હોસ્પિટલ નજીક મુખ્ય રોડ પર બુધવારે મોડી રાત્રે એક મહિલાએ હાઈવોલ્ટેજ ડ્રામા સર્જતા ભારે હોબાળો મચ્યો હતો. ઘટનાના પગલે આસપાસના વિસ્તારમાં ભીડ જામી ગઈ હતી અને ટ્રાફિક પર પણ અસર જોવા મળી હતી. દોડી આવેલી મહિલા પોલીસ સાથે પણ આ મહિલાએ ઝપાઝપી કરી હતી.

વડોદરાના સયાજી હોસ્પિટલ નજીક બુધવારે રાત્રિના સમયે હાઈ વૉલ્ટેજ ડ્રામા સર્જાયો હતો.એક મહિલાએ આક્ષેપ કર્યો હતો કે તેના બોયફ્રેન્ડે તેને રિક્ષામાંથી ધક્કો મારી રોડ પર ફેંકી દીધી હતી.

જેના કારણે મહિલાએ જાહેરમાં હંગામો કર્યો હતો. હું મારો જીવ આપી દઈશ, મને રોડ પર ફેંકી દેવાઈ હતી તેમ કહીને મહિલાએ રસ્તા પર જ બેસી જઈ વિરોધ



નોંધાવ્યો હતો. જેના પગલે રોડ પર ભાઈ ટ્રાફિક જામ સર્જાતા પોલીસ દોડી આવી હતી.

જેમાં મહિલા કર્મચારી સાથે પણ આ હોબાળો મચાવનાર મહિલાએ ઝપાઝપી કરી હતી અને મારા શરીરથી હાથ દૂર રાખજો જેવી ધમકી આપી હતી. ઘટનાની જાણ થતાં 112 અને સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. લાંબા સમય સુધી સમજાવટ કર્યા બાદ મહિલાને કાબૂમાં લેવામાં આવી હતી.

**ગુજસીટોક કેસમાં પણ અરજી નામંજૂર : આરોપી સામે 64 ગુનાઓ નોંધાયેલા છે**

# બિચ્છુ ગેંગના સુત્રધાર અસલમ બોડીયાના સુપ્રીમ કોર્ટે જામીન નામંજૂર કર્યાં

(પ્રતિનિધિ), વડોદરા. તા.19
વડોદરા શહેરમાં આતંક ફેલાવનાર બિચ્છુ ગેંગના મુખ્ય સુત્રધાર અસલમ ઉર્ફે બોડીયો હૈદરમીયા શેખને સુપ્રીમ કોર્ટમાંથી પણ રાહત મળી નથી. ગુજસીટોક હેઠળ નોંધાયેલા ગુનામાં તેની જામીન અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. વડોદરા શહેરના નવાપુરા મહેબુબપુરા વિસ્તારમાં રહેતો અસલમ ઉર્ફે બોડીયો પોતાના સાગરીતો સાથે મળીને "બિચ્છુ ગેંગ" બનાવી શહેરમાં સંગઠિત ગુનાઓ આચરતો હતો. આ ગેંગ સામે વર્ષ 2021માં વડોદરા ક્રાઈમ બ્રાન્ચે ગુજસીટોક હેઠળ ગુનો નોંધ્યો હતો અને ગેંગના મુખ્ય સુત્રધાર અસલમ ઉર્ફે બોડીયાની ધરપકડ કરવામાં આવી હતી. શરૂઆતમાં અસલમ બોડિયાને વડોદરા જેલમાં રાખવામાં આવ્યો હતો, પરંતુ જેલમાં રહીને પણ તે ખંડણી અને




ધમકી જેવી ગુનાહિત પ્રવૃત્તિઓ ચાલુ રાખી હતી. જેના કારણે તેને કચ્છના ભુજ જેલ અને ત્યારબાદ રાજકોટ જેલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. આરોપીએ પહેલા વડોદરાની સ્પેશિયલ ગુજસીટોક કોર્ટ અને ત્યારબાદ ગુજરાત હાઈકોર્ટમાં બે વખત જામીન માટે અરજી કરી હતી પરંતુ તેની ગંભીર ગુનાહિત ભૂતકાળ અને પોલીસ દ્વારા રજૂ કરાયેલા પુરાવાઓને ધ્યાનમાં રાખીને બંને કોર્ટે તેની જામીન અરજી નામંજૂર કરી હતી. ત્યારબાદ અસલમ ઉર્ફે બોડીયાએ સુપ્રીમ કોર્ટમાં જામીન માટે અરજી દાખલ કરી હતી. એસીપી ડી.જે. ચાવડાએ સરકારી વકીલ સાથે સંકલન કરી કોર્ટ સમક્ષ મજબૂત દલીલો રજૂ કરી હતી. પોલીસના પુરાવા અને દલીલોના આધારે 18 માર્ચ 2026ના રોજ સુપ્રીમ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી દીધી હતી. ઉલ્લેખનીય છે કે અસલમ ઉર્ફે બોડીયા સામે હત્યા, હત્યાનો પ્રયાસ, લૂંટ-ધાડ, ખંડણી, રાયોટિંગ, ઘરફોડ ચોરી, વિદેશી દારૂ, સરકારી કામમાં અડચણ, ધમકી અને જુગાર સહિતના કુલ 64 જેટલા ગુનાઓ શહેરના જુદા-જુદા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા છે. તેની ગુનાહિત પ્રવૃત્તિઓને કારણે તેને 10 વખત પાસા હેઠળ જેલમાં પણ મોકલવામાં આવ્યો આવ્યો છે.

**વેરો ભરો અને વ્યાજ બચાવો**

# કોર્પોરેશનની વ્યાજ વળતર યોજના 31 માર્ચ સુધી અમલી

(પ્રતિનિધિ), વડોદરા. તા.19
વડોદરા મહાનગરપાલિકા દ્વારા બાકી મિલકત વેરાની વસૂલાત માટે અમલમાં મૂકવામાં આવેલી 'પ્રોત્સાહક વ્યાજ વળતર યોજના'નો લાભ વધુમાં વધુ કરદાતાઓ લઈ શકે તે હેતુથી તંત્ર દ્વારા મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ યોજના આગામી 31 માર્ચ, 2026 સુધી ચાલુ રાખવાની સાથે સાથે વોર્ડ કચેરીઓમાં નાણાં સ્વીકારવાના સમયમાં પણ વધારો કરવામાં આવ્યો છે. ખાસ કરીને છેલ્લી તારીખે એટલે કે 31 માર્ચના રોજ રાત્રે 9:30 વાગ્યા સુધી નાગરિકો પોતાનો વેરો ભરી શકશે. મહાનગરપાલિકાના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, અત્યાર સુધી વોર્ડ કચેરીઓમાં નાણાં સ્વીકારવાનો સમય સવારે 9:30 થી સાંજે 4:00 વાગ્યા સુધીનો હતો, જેમાં હવે ફેરફાર કરીને સાંજે 5:00 વાગ્યા સુધીનો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, રવિવારના દિવસે પણ નાગરિકોની સુવિધા માટે સવારે 9:30 થી બપોરે 2:00 વાગ્યા સુધી કામગીરી ચાલુ રાખવામાં આવશે. 31 માર્ચના રોજ જાહેર રજા હોવા છતાં, બાકીદારોને તક આપવા માટે રાત્રે 9:30 વાગ્યા સુધી કચેરીઓ કાર્યરત રહેશે. વ્યાજ માફીની વિગતો આપતા તંત્રએ જણાવ્યું છે કે, વર્ષ 2003-04 પહેલાની જૂની ભાડા આકારણી પદ્ધતિ હેઠળની રહેણાંક અને બિન-રહેણાંક મિલકતોના વ્યાજ પર 100 ટકા રિબેટ આપવામાં આવશે. જ્યારે વર્ષ 2003-04 થી 2024-25 સુધીની ક્ષેત્રફળ આધારિત આકારણી પદ્ધતિમાં રહેણાંક મિલકતો માટે 80 ટકા અને બિન-રહેણાંક મિલકતો માટે 60 ટકા પાછલા વર્ષના બાકી વ્યાજ પર રિબેટ મળવાપાત્ર રહેશે. આ સાથે જ વોરંટ ફી અને પેનલ્ટીમાં પણ 100 ટકા રાહત જાહેર કરવામાં આવી છે.

**ગરમી સામે વડોદરા પોલીસની ખાસ પહેલ**

# શહેર ટ્રાફિક પોલીસને "સમર પ્રોટેક્શન કિટ"નું વિતરણ કરાયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.19
વડોદરા શહેરમાં વધતી ગરમીને ધ્યાનમાં રાખીને શહેર પોલીસ દ્વારા કર્મચારીઓના આરોગ્ય અને સુરક્ષાને પ્રાથમિકતા આપતો મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રાફિક પોઈન્ટ પર કડકડતી ગરમીમાં કલાકો સુધી ઉભા રહી ફરજ બજાવતા પોલીસ જવાનોને હવે ગરમીથી રાહત મળે તેના માટે 450 એસી હેલ્મેટ, ખાતરી વોટર બોટલ જેકેટ સહીતની કીટનું વિતરણ કરવામાં આવ્યું છે. શહેરના વિવિધ વિસ્તારોમાં ટ્રાફિક નિયંત્રણ કરતી ટીમને "સમર પ્રોટેક્શન કિટ" આપવામાં આવી છે. જેમાં એશિયા હેલ્મેટ, કોલ્ડિંગ વોટર બોટલ, છત્રી, સનગ્લાસીસ, પેકેટ અને ખાસ જેકેટનો સમાવેશ થાય છે.

આ કીટનું વિતરણ પોલીસ કમિશનર અને એડિશનલ પોલીસ કમિશનર દ્વારા કરવામાં આવ્યું હતું. પોલીસ કમિશનરે જણાવ્યું હતું કે વધતા તાપમાનમાં કર્મચારીઓની તબિયત જળવાઈ રહે અને તેઓ વધુ કાર્યક્ષમ રીતે ફરજ બજાવી શકે તે માટે આ પહેલ હાથ ધરવામાં આવી છે.

ગરમીના વધતા પ્રભાવ વચ્ચે પોલીસ વિભાગનો આ માનવતાવાદી અભિગમ કર્મચારીઓ માટે રાહતરૂપ સાબિત થશે. પીક સમરહીટમાં ટ્રાફિક કર્મચારીઓને રાહત




મળે તેના માટે 450 જેટલા કર્મચારીઓના એસી હેલ્મેટ આપવા સાથે તેમના હિતમાં નિર્ણય કરવામાં આવ્યો છે. 80 જેટલા ટ્રાફિક જંકશન અને પણ બપોરના એક થી ચાર વાગ્યા સુધી બંધ કરવા માટેનો ટ્રાફિક પોલીસ દ્વારા નિર્ણય કરાયો છે. સગીર વયના બાળકોને વાહન નહીં ચલાવવા આપવા માટે પણ અપીલ કરાઈ છે.

**'ટેન્કર શાહી'** દૈનિક 300 ટેન્કરો દોડાવતી પાલિકા, છતાં અનેક વિસ્તારોમાં એક ટીપું પાણી માટે વલખાં

# વડોદરામાં પાણી માટે પ્રજા ત્રાહિમામ પોકારી ઊઠી

(પ્રતિનિધિ), વડોદરા. તા.19
વડોદરા શહેરમાં ઉનાળાનીશરૂઆત થતાની સાથે જ જળ સંકટ ઘેરૂ બન્યું છે. ગરમીનો પારો વધતાની સાથે જ શહેરના અનેક વિસ્તારોમાં પાણી માટે બૂમરાણ મચી છે. આશ્ચર્યની વાત એ છે કે, સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે વડોદરા મહાનગર સેવા સદન નાગરિકોને નળ વાટે પૂરતું પાણી આપવામાં નિષ્ફળ નીવડ્યું છે અને પરિણામે છેલ્લા એક વર્ષમાં માત્ર ટેન્કરો દ્વારા પાણી પહોંચાડવા પાછળ અંદાજે 3 કરોડ રૂપિયાનો માતબર ખર્ચ કરવામાં આવ્યો હોવાનું સત્તાવાર રીતે સામે આવ્યું છે.

વડોદરાના પૂર્વ વિસ્તારની સ્થિતિ સૌથી વધુ કફોડી છે. ખુદ પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સ્વીકારી રહ્યા છે કે વિતરણ વ્યવસ્થામાં ક્ષતિને કારણે પૂર્વ વિસ્તારમાં પાણીની તીવ્ર અછત વર્તાય છે. ક્યાંક દૂષિત પાણીની સમસ્યા છે તો ક્યાંક સોસાયટીઓમાં પાણીનું પ્રેશર ન હોવાને કારણે ગૃહિણીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. તંત્ર દ્વારા હાલમાં રોજેરોજ અલગ-અલગ વિસ્તારોમાં અંદાજે 300 જેટલા ટેન્કરો મોકલીને કામચલાઉ રાહત આપવાનો પ્રયાસ કરવામાં આવે છે. શહેરની પાણીની જરૂરિયાત સામે ઉપલબ્ધ સ્ત્રોતની વાત કરીએ તો, વડોદરાને મુખ્યત્વે ત્રણ સ્ત્રોતમાંથી પાણી મળે છે: આજવા સરોવર, મહીસાગર અને નર્મદા કેનાલ. આ ત્રણેય સ્ત્રોત મળીને કુલ 645 MLD પાણી પૂરું પાડે છે. જોકે, શહેરની વધતી વસ્તી અને જરૂરિયાત સામે હજુ પણ 20 MLD પાણીની ઘટ વર્તાય છે. આ ખાધને કારણે જ ટેન્કર પ્રથા અનિવાર્ય બની ગઈ છે. તંત્રના જણાવ્યા અનુસાર, પાણીની ટાંકીઓ, નવા બુસ્ટર પંપ અને નિમેટા ખાતેના પ્લાન્ટ નંબર 4 અને 5 સહીત વોર્ડ કક્ષાએ ચાલી રહેલા



**એક ટેન્કરના 309: પ્રજાના પૈસાનું 'પાણી' ।** વડોદરામાં પાણીના વિતરણ માટે તંત્ર દ્વારા જે આંકડા રજૂ કરવામાં આવ્યા છે તે ચોંકાવનારા છે. શહેરમાં દરરોજ સરેરાશ 300 ટેન્કરો દોડાવવામાં આવે છે. એક અંદાજ મુજબ, એક ટેન્કર પાછળ તંત્ર 309 રૂપિયા ચૂકવે છે. આ ગણતરીએ વર્ષે અંદાજે 3 કરોડ રૂપિયા માત્ર ટેન્કરના ભાડા પેટે ખર્ચાય છે. જો પાલિકાએ આ રકમનો ઉપયોગ કાયમી પાઈપલાઈન નેટવર્ક કે નવા સ્ત્રોત ઉભા કરવામાં કર્યો હોત, તો આજે નાગરિકોને ટેન્કરની રાહ જોઈને ઉભા રહેવું ન પડત.

કામો પૂર્ણ થતા જ આ સમસ્યાનો અંત આવશે. પરંતુ સવાલ એ ઉભો થાય છે કે, જો આ વિકાસલક્ષી કામો સમયસર પૂર્ણ કરવામાં આવ્યા હોત, તો દર વર્ષે ટેન્કરો પાછળ ખર્ચાતા કરોડો રૂપિયા બચાવી શકાયા હોત.

**વડોદરા કોર્પોરેશનની ઘોર બેદરકારી, મોટી દુર્ઘટના ટાળી**

# મકરપુરા GIDCમાં રોડની કામગીરી દરમિયાન કાર ખાડામાં ખાબકી

(પ્રતિનિધિ), વડોદરા. તા.19
વડોદરા શહેરના ઔદ્યોગિક હબ ગણાતા મકરપુરા GIDC વિસ્તારમાં મહાનગરપાલિકાની ગંભીર બેદરકારી સામે આવી છે. છેલ્લા કેટલાય સમયથી ચાલી રહેલી રોડની કામગીરી દરમિયાન યોગ્ય બેરિકેટિંગ કે સુરક્ષાના સાધનોના અભાવે એક કાર ઊંડા ખાડામાં ફસાઈ ગઈ હતી. તંત્રની આ લાપરવાહીને કારણે કાર ચાલકને આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે, જ્યારે સ્થાનિકોમાં તંત્ર સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. મકરપુરા GIDCમાં હાલમાં રોડ બનાવવાની કામગીરી ચાલી રહી છે. આ વિસ્તારમાં રોજના હજારો ભારે અને નાના વાહનોની અવરજવર રહેતી હોય છે.

નિયમ મુજબ જ્યાં કામ ચાલતું હોય ત્યાં આડશ કે ચેતવણીના બોર્ડ




મારવા અનિવાર્ય છે, પરંતુ અહીં કોર્પોરેશન અને કોન્ટ્રાક્ટર દ્વારા આવી કોઈ જ વ્યવસ્થા કરવામાં આવી નથી. ગતરોજ એક કાર ચાલક પસાર થઈ રહ્યો હતો ત્યારે અચાનક રોડ પરના જોખમી ખાડામાં કારનું ટાયર ફસાઈ ગયું હતું અને કારનો આગળનો ભાગ ખાડામાં ખાબક્યો હતો. ઘટનાને પગલે આસપાસના લોકો દોડી આવ્યા હતા. સદનસીબે કારમાં સવાર વ્યક્તિઓને કોઈ મોટી ઈજા થઈ નહોતી, પરંતુ કારને મોટું નુકસાન થયું હતું.

આ સમયે ત્યાંથી પસાર થઈ રહેલા એક જાગૃત ટેમ્પો ચાલકે પોતાની માનવતા બતાવી હતી. તેણે દોરડાની મદદથી કારને ટેમ્પો સાથે બાંધીને મહેનતપૂર્વક ખાડામાંથી બહાર ખેંચી હતી. જો સમયસર મદદ ન મળી હોત તો અન્ય વાહનો સાથે અથડામણ કે મોટી દુર્ઘટના સર્જાઈ શકી હોત. આ ઘટનાએ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની કામ કરવાની પદ્ધતિ અને કોન્ટ્રાક્ટરો પરના નિરીક્ષણના અભાવ સામે અનેક સવાલો ઉભા કર્યા છે. શું કોઈ મોટી જાનહાનિ થાય ત્યાર પછી જ તંત્ર જાગશે? તેવો પ્રશ્ન હાલ જનતા પૂછી રહી છે.